**Gujarat samachar**
14 Luglio 2018

**India**

રવિવાર, તા. ૧૫ જુલાઈ , ૨૦૧૮

## એમ.એસ.યુનિમાં અભ્યાસ કરી ચૂકેલા વડોદરાના કલાકાર

# સંગમે ઈટાલીના દરિયાકિનારે ભારતીય વારસાને સંગેમરમર પર કંડાર્યો

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,ગુરુવાર

ઈટાલીના કાઓર્લે દરિયાકિનારે સાત ફૂટ લાંબા માર્બલ પર ભારતના ઐતિહાસિક વારસાને ૮ દિવસમાં કંડારીને સંગમ ભારતનો પ્રથમ આર્ટીસ્ટ બન્યો છે. સંગમની કૃતિને કારણે ભારતના અદભુત ઐતિહાસિક વારસાને કાઓર્લે દરિયાકિનારે કાયમી સ્થાન મળ્યું છે જેને પ્રવાસીઓ ૩૬૫ દિવસ સુધી મનભરીને નિહાળી શકશે.

ઈટાલીના કાઓર્લેમાં ટુરિઝમને આકર્ષવા માટે દર વર્ષે 'સ્કોગ્લીર્યા વિવા' નામની સ્પર્ધા



યોજાય છે જે ઈન્ટરનેશનલ આઉટડોર સ્કલ્પચર સ્પર્ધા તરીકે પણ ઓળખાય છે. આ સ્પર્ધામાં દેશભરના શ્રેષ્ઠ કલાકારોને ખુલ્લા આકાશ નીચે દરિયાકિનારે અને પ્રવાસીઓની વચ્ચે પોતાની કલા દર્શાવવાની તક મળે છે. ગત મહિને યોજાયેલ આ સ્પર્ધામાં દુનિયાભરના ૩૨૭ કલાકારોમાંથી શ્રેષ્ઠ ચાર કલાકારોની પસંદગી કરવામાં આવી હતી.જેમાં જર્મનીમાંથી બે, ઈટાલીમાંથી એક અને ભારતના વડોદરામાંથી



વડોદરાના સંગમ વાનખેડેએ ૧૦ દિવસ ઈટાલીના કાઓર્લે દરિયાકિનારે રહીને ભારતનો ઐતિહાસિક વારસો દર્શાવતી કલાકૃતિ ૭ ફૂટ લાંબા માર્બલ પર કંડારી હતી. 'સ્કોગ્લીર્યા વિવા' નામની આ સ્પર્ધામાં પહેલી વખત ભારતીય કલાકારની પસંદગી થઈ હતી.

૨૯ વર્ષીય સંગમની પસંદગી કરાઈ હતી. ઈટાલીના કાઓર્લેમાં અત્યારસુધી ૧૮ સ્પર્ધાનું આયોજન થઈ ચૂક્યું છે. જ્યારે આ વર્ષે યોજાયેલ સ્પર્ધામાં પહેલી વખત ભારતના કલાકારની પસંદગી થઈ હતી.

એમ.એસ.યુનિ.ની ફાઈનઆર્ટસ ફેકલ્ટીમાંથી ૨૦૧૪-૧૫માં માસ્ટર ડિગ્રી મેળવનાર સંગમ વાનખેડે પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના રામેશરા ગામનો રહેવાસી છે. જેને વેનિસથી ૬૦-૭૦ કિમી દૂર આવેલા કાઓર્લે દરિયાકિનારે ભારતીય વારસાને કંડારીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ બદલ તેને ૨૦૦૦ યુરોનું ઈનામ આપવામાં આવ્યું હતું.પ્રથમ વખત ગામડામાંથી વિદેશમાં પગ મૂકનાર સંગમ કહે છે કે, 'મેં ભારતીય વારસાની નાની આકૃતિનો વિચાર રજૂ કર્યો હતો અને જજને એટલો પસંદ પડ્યો કે તેઓએ સ્પર્ધા માટે ૧૦ દિવસ વેનિસમા રહેવાનું આમંત્રણ આપ્યું હતું.'

## 'ઈટાલીની સરકાર તૂટેલી વસ્તુઓ પણ સાચવીને રાખે છે'

સંગમ કહ્યું કે,' ઈટાલીની સરકાર પોતાના અમૂલ્ય વારસાનું મહત્વ સમજે છે. ત્યાંની સરકારે કાઓર્લે દરિયાકિનારે ઓપન મ્યુઝિયમ બનાવેલ છે જેમાં નાની-મોટી તૂટેલી વસ્તુઓ પણ સાચવીને રાખી છે જે આપણી સરકારે શીખવા જેવી બાબત છે.'

## હેરિટેજ વારસો નાનપણથી મારી આંખમાં સમાયો છે



સંગમે કાઓર્લે દરિયાકિનારે કંડારેલ કૃતિમાં ભારતના જૂની સ્ટાઈલના દરવાજાઓની કમાન,મહેલ,કૂવા તેમજ પગથિયા દર્શાવ્યા છે.આ વિશે વાત કરતા સંગમ કહે છે કે,'મારું ઘર પાવાગઢથી ૫ કિમીના અંતરે આવેલું છે એટલે નાનપણથી પાવાગઢ તેમજ ચાંપાનેરા કિલ્લાને નિહાળતો આવ્યો છું. પરંતુ જ્યારે લોકો તેને બગાડીને જતા ત્યારે મનમાં ઠેસ પહોંચતી હતી. જેને લઈને હું ઐતિહાસિક વારસાને સ્કલ્પચરના રુપમાં પ્રચાર કરવા માંગુ છું.'